દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧૩ એપ્રિલ, ૨૦૨૬

# અમેરિકા અને ઈરાન બંને માટે હવે યુદ્ધ એજ કલ્યાણ

આ અમારી અંતિમ અને સૌથી શ્રેષ્ઠ ઓફર છે. હવે જોવાનું એ છે કે ઈરાન તેને સ્વીકારે છે કે નહીં. ધન્યવાદ.

આ શબ્દો કહ્યા બાદ અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જેડી વેન્સે પોતાની સામે રાખેલા મેજને બે વખત હાથથી થપથપાવ્યું અને પ્રેસ કોન્ફરન્સ સમાપ્ત કરી. પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી 21 કલાક લાંબી વાતચીત કોઈપણ પરિણામ વિના પૂર્ણ થઈ ગઈ. આ માહિતી આપતા અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ, જે ખાસ વાતચીત માટે પાકિસ્તાન આવ્યા હતા, તેમણે (ભારતીય સમય મુજબ) રવિવાર સવારે 6 વાગ્યા બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે પાકિસ્તાને અમેરિકા અને ઈરાન વચ્ચે અંતર ઓછું કરવા અને સમજૂતી સુધી પહોંચાડવા પૂરતા પ્રયત્નો કર્યા, પરંતુ ખરાબ સમાચાર એ છે કે અમે કોઈપણ સમજૂતી સુધી પહોંચી શક્યા નથી. અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિએ કહ્યું કે આ માહિતી અમેરિકા કરતાં ઈરાન માટે વધુ નકારાત્મક છે. તેમણે કહ્યું, કોઈ સમજૂતી થઈ નથી અને અમે હવે અમેરિકા પરત ફરી રહ્યા છીએ. પાકિસ્તાનની વિનંતી પર અમેરિકા અને ઈરાન બે અઠવાડિયાના હંગામી યુદ્ધવિરામ માટે તૈયાર થયાં હતાં અને આ કારણે બન્ને દેશોનાં પ્રતિનિધિમંડળો ઇસ્લામાબાદમાં વાતચીત માટે આવ્યાં હતાં. બન્ને પક્ષો વચ્ચેની ચર્ચા ઇસ્લામાબાદના સેરિના હોટલમાં યોજાઈ હતી. અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિએ આ સ્પષ્ટ કર્યું કે વાતચીત નિષ્ફળ ગઈ, પરંતુ એ નથી જણાવ્યું કે વાતચીતની આ નિષ્ફળતાનો બે અઠવાડિયાના અસ્થાયી યુદ્ધવિરામ પર શું પ્રભાવ પડશે. ઈરાનના સરકારી મીડિયાના જણાવ્યા મુજબ અમેરિકાની અયોગ્ય માંગોને કારણે યુદ્ધ સમાપ્ત કરવાની વાતચીત અટકી ગઈ. ઈરાનના સરકારી પ્રસારક IRIBએ ટેલિગ્રામ પોસ્ટમાં જણાવ્યું, ઈરાની પ્રતિનિધિમંડળના અનેક પ્રયત્નો છતાં અમેરિકી પક્ષની અયોગ્ય માંગોએ વાતચીતની પ્રગતિને અટકાવી દીધી. આથી વાતચીત પૂર્ણ થઈ ગઈ. ઈરાની સંસદ અધ્યક્ષ મોહમ્મદ બાગર ગાલિબાફના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ શુક્રવાર અને શનિવારની વચ્ચેની રાત્રે ઇસ્લામાબાદ પહોંચ્યું હતું, જ્યારે અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જેડી વેન્સ, મધ્યપૂર્વ એશિયા માટે ટ્રમ્પના પ્રતિનિધિ સ્ટીવ વિટકોફ, ટ્રમ્પના જમાઈ જેરેડ કુશ્નર અને અન્ય અમેરિકી અધિકારીઓ શનિવાર સવારે પહોંચ્યા હતા.બન્ને પ્રતિનિધિમંડળોએ અલગ-અલગ પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ, વિદેશ મંત્રી ઇસહાક ડાર અને ફિલ્ડમાર્શલ આસિમ મુનિર સહિત અન્ય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતો બાદ પાકિસ્તાની સરકારના નિવેદનમાં કહેવામાં આવ્યું કે પાકિસ્તાન મધ્યસ્થ તરીકે પોતાની ભૂમિકા જાળવી રાખશે અને આશા વ્યક્ત કરી કે શનિવારની વાતચીત વિવાદના ઉકેલ તરફ એક પગલું બનશે. પાકિસ્તાની અધિકારીઓએ બીબીસી ઉર્દૂને જણાવ્યું કે શરૂઆતમાં ઈરાની અને અમેરિકી પ્રતિનિધિમંડળો વચ્ચે પાકિસ્તાન મારફતે સંદેશાઓનું આદાનપ્રદાન થયું, ત્યારબાદ બન્ને પક્ષોએ પાકિસ્તાની અધિકારીઓની હાજરીમાં લગભગ અઢી કલાક સીધી ચર્ચા કરી. પછી એક કલાકનો વિરામ લેવામાં આવ્યો અને ત્યારબાદ ટેક્નિકલ મુદ્દાઓ પર ઈરાન અને અમેરિકાના નિષ્ણાતો વચ્ચે ચર્ચા થઈ. આ ટેક્નિકલ ચર્ચાઓ અને સંદેશાઓ મોડી રાત સુધી ચાલું રહ્યાં.ઇરાનની તસ્નીમ ન્યૂઝ એજન્સીએ દાવો કર્યો કે વાતચીત નિષ્ફળ રહેવાનું મુખ્ય કારણ અમેરિકી વલણમાં લવચીકતાનો અભાવ હતો. તસ્નીમ મુજબ, ગાલિબાફના નેતૃત્વમાં આવેલા પ્રતિનિધિમંડળે પાકિસ્તાનના સેના પ્રમુખને ઓછામાં ઓછા બે વખત અને વડા પ્રધાનને એક વખત મળીને જરૂરી વ્યવસ્થાઓ કરવા તથા વાતચીતની શરૂઆતમાં જ અમેરિકાના વચનભંગ સામે ઔપચારિક વિરોધ નોંધાવ્યો હતો. એજન્સી મુજબ, અમેરિકી પ્રતિનિધિમંડળ સાથેની ચર્ચા 21 કલાકથી વધુ સમય સુધી ચાલી હતી અને આ દરમિયાન ઈરાને વારંવાર પોતાના પ્રસ્તાવો રજૂ કર્યા અને અમેરિકન પક્ષને હકીકત તરફ લાવવાનો પ્રયત્ન કર્યો. તસ્નીમનું કહેવું છે કે, દરેક તબક્કે અમેરિકાની વધારાની માંગળીઓએ સંયુક્ત માળખું બનાવવામાં અડચણ ઊભી કરી. અમેરિકાના વલણમાં લવચીકતા ન હોવાને કારણે વાતચીત કોઈ પરિણામ વિના પૂરી થઈ. સમાચાર મુજબ આગળની વાતચીતના સમય, સ્થળ અને પ્રક્રિયા અંગે હજી કોઈ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો નથી.

અમેરિકા અને ઈરાન બન્નેએ શાંતિ વાટાઘાટો નિષ્ફળ થવા પાછળ અલગ-અલગ કારણો આપ્યાં છે.

વાતચીત બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જેડી વેન્સે જણાવ્યું, અમે ખૂબ સ્પષ્ટ રીતે જણાવી દીધું હતું કે અમારી 'રેડ લાઇન્સ' શું છે, કયા મુદ્દાઓ પર સમજૂતી શક્ય છે અને કયા પર નથી. વેન્સ મુજબ, તેમણે (ઈરાને) અમારી શરતો સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો. આ સમયે પત્રકારોએ પૂછ્યું, કૃપા કરીને સ્પષ્ટ રીતે જણાવો કે કઈ શરતો નકારવામાં આવી?

જેના જવાબમાં વેન્સે કહ્યું કે તેઓ બંધ દરવાજા પાછળ 21 કલાક સુધી ચાલેલી ચર્ચાની સમગ્ર વિગતો જાહેર કરશે નહીં, પરંતુ સરળ શબ્દોમાં કહીએ તો, અમે ઈરાન પાસેથી એ ખાતરી માંગીએ છીએ કે તે ક્યારેય પરમાણુ હથિયાર બનાવશે નહીં અને તેની ક્ષમતા પ્રાપ્ત કરવા માટે જરૂરી સંસાધનો પણ મેળવશે નહીં.

તેમણે ઉમેર્યું કે, આ અમેરિકી રાષ્ટ્રપતિનો મુખ્ય ઉદ્દેશ છે અને અમે સંવાદ દ્વારા તેને પ્રાપ્ત કરવાની કોશિશ કરી.

અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિએ કહ્યું કે ઈરાનની યુરેનિયમ સંવર્ધન ક્ષમતા પહેલેથી જ નષ્ટ કરી દેવામાં આવી છે,પરંતુ શું હવે ઈરાન તરફથી એ ઇચ્છા દેખાઈ રહી છે કે તેઓ ક્યારેય પરમાણુ હથિયાર નહીં બનાવે? અત્યાર સુધી એવી ઇચ્છા દેખાતી નથી.

એક અન્ય પ્રશ્નના જવાબમાં વેન્સે જણાવ્યું કે વાતચીત દરમિયાન ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિઓ અંગે પણ ચર્ચા થઈ હતી, પરંતુ અમે એ તબક્કે પહોંચી શક્યા નહોતા જ્યાં ઈરાન અમારી શરતો સ્વીકારી લે. તેમણે કહ્યું, મને લાગે છે કે અમે પૂરતું લવચીકપણું દાખવ્યું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે અમને કહ્યું હતું કે સચ્ચાઈથી વાતચીત કરવી છે અને સમજૂતી સુધી પહોંચવાની સંપૂર્ણ કોશિશ કરવી છે. અમે એવું જ કર્યું, પરંતુ દુર્ભાગ્યવશ કોઈ પ્રગતિ થઈ નહીં.

# અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિવાર્તા વિફળ : મે માસની ટ્રમ્પ-જીનપિંગ બેઠક મોટુ વાઈલ્ડ કાર્ડ

બિરેન વકીલ

**ચોથી મેના વિધાનસભા ચૂંટણી પરિણામો, હોર્મુઝ કટોકટી પર રૂપિયો, શેરબજાર, ક્રુડની ચાલ નિર્ભર**

રાન-અમેરિકા વચ્ચેની મંત્રણા ફળદાયી નીવડી નથી. બે વીકના કામચલાઉ યુધ્ધવિરામનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે. છ વીકની ગલ્ફવોરમાં કામચલાઉ યુધ્ધવિરામ આવતા ક્રુડઓઈલમાં ઝડપી ૧૩-૧૪ ટકા કરેકશન આવ્યું હતું. શેરબજારોમાં પાવરફુલ રિલીફ રેલી આવી હતી. ખાસ કરીને એઆઇ સેમિકંડકટર સેકટરમાં એનથ્રોપિકના માયથોસ એઆઇના આવિષ્કારના સમાચારથી અમેરીકી ચિપ્સ શેરોમાં લાવલાવ હતી. ઘરઆંગણે મેટલ્સ, માઈનીંગ, સ્ટિલ શેરોમાં ડિપ બાઇંગ જોવાયું હતું. શેરબજારમાં કેટલાક મહીનાઓમાં વિદેશી સંસ્થાઓએ અંદાજે ૨૦ અબજ ડોલરના શેરો વેચવા સામે રિટેલ ઈન્વેસ્ટરો, નાણાંસંસ્થાઓ, મ્યુ ફંડઝ, એચએનઆઇ રોકાણકારોનું બારબેન બાઇંગે બજારને ઘણો ટેકો કર્યો છે. રિઝર્વ બેન્કની બેઠકમાં વ્યાજદરોમાં કોઈ બદલાવ નહોતો આવ્યો જે અપેક્ષિત જ હતું. અખાત યુધ્ધ પછી ક્રુડ-ખાતરો-ડિઝલ- નેપ્થા વગેરેની તેજી અને સપ્લાય ચેઈન ફ્રેટ રેટસ વધી ગયા પછી સરકારોનો અભિગમ ફુગાવો નિંયત્રીત કરી વિકાસ ને શકય એટલું પ્રોત્સાહન આપવાનો છે. યુધ્ધવિરામને પગલે રિસ્ક પ્રિમિયમ ઘટતા ક્રુડ- પેટ્રો ફીડસ્ટોકમાં કરેકશન આવવાની સાથે રિસ્ક ઓન એસેટ સોનાચાંદી, મેટલ્સ, બીટકોઈન વગેરેમાં ઘટયા ભાવથી સુધર્યા હતા. ઈસ્લામાબાદ શાંતિ વાર્તા નિષ્ફળ જતા રિસ્ક ઓન બજારો ફરી નર્વસ થઈ શકે છે. ક્રુડઓઈલનું બજાર આજે કેવું ખૂલે એના પર અન્ય બજારોની ચાલ નિર્ભર રહેશે.

ક્રુડની સ્ટોરીને બારીકાઈથી સમજવી જરુરી છે. સામાન્ય રીતે ક્રુડની વાત થાય ત્યારે નાયમેકસ અને બ્રેન્ટ ક્રુડ વાયદાઓના ટીકર કે વધઘટ પર ધ્યાન જાય. જો કે ઓઈલના પંડિતો હમેશા હાજર બજાર પર ફોકસ કરે. હાજર ક્રુડમાં સૌથી ભરોસામંદ બેન્ચમાર્ક ડેટેડ બ્રેન્ટ છે. સિંગાપોર ડેટેડ બ્રેન્ટ એવા બેન્ચમાર્ક છે જેને આધારે રોજ કરોડો બેરલના ફિઝિકલ સેટલમેન્ટ થાય છે. તાજેતરમાં ગલ્ફ ક્રાઈસીસ પીક પર હતી ત્યારે નાયમેકસ વાયદા ૧૧૭, બ્રેન્ટ વાયદા ૧૧૯ ડોલર હતા. ડેટેડ બ્રેન્ટ વધીને ૧૪૪ ડોલર અને ઓમાન ક્રુડ વાયદો એક તબક્કે ૧૭૦ ડોલર થઈ ગયો હતો. શુક્રવારે નાયમેકસ ક્રુડ ૯૦-૯૩ ડોલર હતું. પણ ડેટેડ બ્રેન્ટ ૧૩૦ ડોલર પર સેટલ થયું હતું. સપ્તાહની આખરમાં હાજર માલની અછતને અનુલક્ષી એપ્રિલ આખર ડિલિવરીમાં ડેટેટ બ્રેન્ટ અંદાજે ૨૦ ડોલર પ્રિમિયમમાં બોલાતું હતું. બાય બીડ ૪૦ હતી એમાં માંડ ૪ બીડ પાસ થઈ હતી. મતલબ ક્રુડમાં હજૂ પણ બજારમાં ગર્ભિત તેજી સમાયેલી છે. જો હોરમુઝ કટોકટી ૧૦-૧૫ દિવસમાં ઉકેલાય નહી અને ક્રુડ-ખાતર-મિથાનોલ સહીત કાચા માલો, તૈયાર માલોનું પરિવહન ચાલુ ન થાય તો ઘણા ખરા દેશોમાં ઉર્જાસંકટ, ખાતર કટોકટી સર્જાઇ શકે. યુરિયા-નાઈટ્રોજન ખાતરોમાં અછતને અનુલક્ષી રશિયા-ચાઈના જેવા દેશો ખાતર, ઔદ્યોગિક કાચા માલની નિકાસ નિયંત્રીત કરે છે. ખાતર-ડિઝલ કટોકટીને કારણે ખરિફ મોસમમાં ફુડ સાયકલ પર પણ અસર થઈ શકે. મકાઈ-ઘઉ-પામને જાજુ ખાતર જોઈએ, ઓસી ખેડુતો ઘાસચારો વાવવાનું પસંદ કરે. મલશિયા-ઈન્ડોનેશિયા પામના ઉતારા ઘટી શકે. ચીન આવતા મહીનાથી સલ્ફયુરીક એસીડની નિકાસ રોકે એવા અહેવાલો છે. સલ્ફરના ભાવ ૧૫ વરસની ટોચે પહોચ્યા છે. સલ્ફયુરિક એસીડ વીના કોપર ઉત્પાદનમાં રુકાવટ આવી શકે. કોપરમાં હાલમાં લંડન કે શાંગહાઇ એકસચેન્જમાં વેરહાઉસ સ્ટોક પુરતો છે પણ અછત આવે તો એ જલ્દી ઘટી પણ શકે. એલ્યુમિનિયમમાં તો હાલ આગઝરતી તેજી છે. અખાતના ત્રણ મોટા એલ્યુમનિયમ પ્લાન્ટ ઈમિરેટસ એલ્યુ, બહેરીન એલ્યુમિનિયમ અને કુવૈત એલ્યુમિનિયમ પર ઈરાનના હુમલા પછી ઉત્પાદન ખોરવાયું હતું. ઈમિરેટસે એક-બે દિવસ પહેલા ફોર્સ મેજર એટલે કે માલ પુરો પાડવામાં અશક્તિ બતાવી છે. એમસીએકસ એલ્યુ વાયદો ૩૫૮ની ઉંચી સપાટીએ છે. લંડન એલ્યુમિનિયમ વાયદો ચાર વરસની ઉંચી સપાટી ૩૫૧૧ ડોલર થયો છે. એમસીએકસ કોપર ૧૪૮૦ના ટોપથી ઘટીને ૧૧૦૮ થઈ હાલમાં ૧૨૧૦ છે.

સોનાચાંદીની વાત કરીએ તો સોનામાં બજાર બેહદ સુસ્ત છે. બે વરસથી દોડી દોડી હવે બજાર થાકયું છે. હાજર બજારોમાં રિટેલ ઘરાકી ઘણી ઓછી છે. અખાતમાં યુધ્ધ પછી કારોબાર પર વિપરીત અસર થઈ છે. તૂર્કી, પોલેન્ડ જેવી બેન્કો કરન્સી, બજેટ ખાધ કાબુમાં રાખવા સોનું વેચે છે. હાલમાં સોનાની રેન્જ ૪૨૦૦-૪૮૦૦ ડોલર જેવી છે, યુધ્ધ થાળે પડે અને આગલ પર રેટકટ આવે, મોનીટરી ઈઝિંગ આવે, ડોલર ઘટે તો સોનામાં તેજીનો નવો રાઉન્ડ આવી શકે. ઘણી બેન્કો એમ માને છે કે વરસના અંતે સોનું ૫૫૦૦-૫૭૦૦ ડોલર કે કદાચ ૬૦૦૦ ડોલર સુધી જઈ શકે. ચાંદીમાં પણ અંદાજે ૫૦-૫૫ ટકા જેવા મોટા કરેકશન પછી બજાર સ્ટેબલ થયું છે. એમસીએકસ ચાંદી ૧૯૯૯૯૦થી સુધરી ૨૪૩૦૦૦ થઈ છે.

કરન્સી બજારોમાં રૂપિયો ૯૨.૪૦થી ઘટીને ૯૩.૦૫ બંધ રહ્યો છે. નજીકના ભવિષ્યમાં ગલ્ફ કટોકટી ફેડની મીટીંગ, ૪ મેના વિધાનસભા ચુંટણી પરિણામો, ચોમાસાનો આરંભ પર રૂપિયાની ચાલ નિર્ભર છે. તાઈવાનના વિપક્ષી નેતા સુશ્રી ચેંગનું ચીને સ્વાગત કરી ગુડવીલ જેસ્ટરની વાત કરી ચીનને શાંતિ જોઈએ અનો યુનિફિકેશન જોઈએ એવો મમરો મુકયો છે.

આગામી મહીને અમેરિકા પ્રમુખ ટ્રમ્પ ચીન જાય એ પહેલા ચીનનો તાઈવાન પરત્વનો ગુડવીલ જેસ્ચર, ગલ્ફ વોર મામલે અટુલા પડેલા ટ્રમ્પની જીન પિંગ સાથેની મુલાકાત કેવી રહે એ પણ મોટુ વાઈલ્ડ કાર્ડ છે.

# ઓનલાઈન ટ્રાન્સફરમાં પોઝ ટાઈમથી તકલીફ સર્જાશે પણ છેતરપિંડી ઘટશે



કરન્ટ-ટોપિક

**દસ હજાર રૂપિયાથી વધુ રકમની ટ્રાન્સફરમાં એક કલાકનો વિલંબ થોડો કઠે તેવો છે પરંતુ લોકોની બેંક થાપણોની સુરક્ષા માટે તે જરૂરી છે**

જીટલ પેમેન્ટ કે ડીજીટલ મની ટ્રાન્સફર, ઓનલાઈન નાણાકીય વ્યવહારોએ આજે આપણા રોજબરોજના નાણાકીય વ્યવહારોમાં સરળતા કરી આપી છે તો તે સાથે જ કેટલાક જોખમો પણ ઉભા થયા છે. ડીજીટલ ફ્રોડને કારણે ઘણા લોકોના બેંક ખાતાઓ ક્ષણભરમાં ખાલી થઈ જાય છે તો લોકોને છેતરીને, મૂંઝવીને તેમના નાણા બળજબરી કે માનસિક દાબદબાણથી ઓનલાઈન પડાવી લેવાના બનાવો પણ વધી રહ્યા છે તેવા સંજોગોમાં રિઝર્વ બેન્કે કેટલાક સુરક્ષાત્મક પગલાઓ અમલમાં મૂકવાની યોજના રજૂ કરી છે.

ભારતીય રિઝર્વ બેંક(RBI) એ ઓનલાઈન છેતરપિંડીના વધતા જતા કિસ્સાઓને રોકવા માટે ડિજિટલ પેમેન્ટ્સ માટે નવા સુરક્ષાત્મક ઉપાયોનો પ્રસ્તાવ મૂક્યો છે. ૧૦ એપ્રિલ ગુરુવારે બહાર પાડવામાં આવેલા એક ડીસ્કસન લેટરમાં, મધ્યસ્થ બેંકે ચાર મુખ્ય પ્રસ્તાવોની રૂપરેખા આપી છે. જેનો હેતુ ઓછા મૂલ્યના ડિજિટલ પેમેન્ટની સરળતા જાળવી રાખીને ઉચ્ચ જોખમ ધરાવતા વ્યવહારોમાં ચોક્કસ પ્રકારનો અવરોધ (friction) ઊભો કરવાનો છે. આ ચાર દરખાસ્તો આ પ્રમાણે છે.

ટ્રાન્ઝેક્શનમાં વિલંબ (Time Lag): 10,000 થી વધુના ઓથોરાઈઝ્ડ પુશ પેમેન્ટ (APP) ટ્રાન્ઝેક્શન માટે ફરજિયાત સમય વિલંબ દાખલ કરવાનો પ્રસ્તાવ છે. આ હેઠળ, આવા વ્યવહારો પેયર (નાણાં મોકલનાર)ના છેડે એક કલાક સુધી વિલંબિત રહેશે, જેથી ગ્રાહકો આ 'કૂલિંગ-ઓફ' વિન્ડો દરમિયાન ટ્રાન્સફર રદ કરી શકે.

સંવેદનશીલ જૂથો માટે સુરક્ષા: વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગ વ્યક્તિઓ જેવા સંવેદનશીલ વર્ગો દ્વારા કરવામાં આવતા ઉચ્ચ મૂલ્યના વ્યવહારો માટે કોઈ વિશ્વાસુ વ્યક્તિ દ્વારા વધારાના ઓથેન્ટિકેશનની દરખાસ્ત છે. 50,000 થી વધુના વ્યવહારો માટે, ભંડોળ ટ્રાન્સફર કરતા પહેલા નોમિનેટેડ વ્યક્તિની મંજૂરી લેવી પડી શકે છે.

ક્રેડિટ લિમિટ અને મ્યુલ એકાઉન્ટ પર નિયંત્રણ: બેંક ખાતાઓના દુરુપયોગને રોકવા માટે, RBI એ જે ખાતાઓમાં વિસ્તૃત તપાસ નથી થઈ, તેમાં વાર્ષિક જમા રકમની મર્યાદા 25 લાખ રૂપિયાની આસપાસ રાખવાનું સૂચન કર્યું છે. આ મર્યાદાથી વધુની રકમને 'શેડો ક્રેડિટ' તરીકે રાખવામાં આવશે અને બેંક તેની કાયદેસરતાની ખાતરી કર્યા પછી જ તેને મુક્ત કરશે.

યુનિવર્સલ કિલ સ્વિચ: ગ્રાહકો માટે સુરક્ષા નિયંત્રણોનો વિસ્તાર કરવાની દરખાસ્ત છે, જેમાં UPI, કાર્ડ્સ અને નેટ બેંકિંગનો સમાવેશ થાય છે. આમાં પેમેન્ટ મોડને ચાલુ કે બંધ કરવાની ક્ષમતા, ટ્રાન્ઝેક્શન મર્યાદા સેટ કરવી અને છેતરપિંડીની શંકાના કિસ્સામાં તમામ ડિજિટલ વ્યવહારોને તાત્કાલિક નિષ્ક્રિય કરવા માટે 'કિલ સ્વિચ' સક્રિય કરવાની સુવિધા સામેલ હશે.

ડિજિટલ પેમેન્ટમાં વધતી જતી છેતરપિંડી અંગેની ચિંતાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય રિઝર્વ બેંક (RBI) એ અમુક ડિજિટલ પેમેન્ટ્સ માટે એક કલાકના વિલંબની દરખાસ્ત રજૂ કરી છે. અહીં સમજાવવામાં આવ્યું છે કે આ સૂચિત એક કલાકનો વિલંબ કેવી રીતે કામ કરી શકે છે, તેનાથી કયા વ્યવહારો પ્રભાવિત થઈ શકે છે અને વપરાશકર્તાઓ માટે તેનો અર્થ શું છે. આ દરખાસ્ત પેમેન્ટ પ્રોસેસ કરવાની રીતમાં એક વિરામ રજૂ કરે છે. જો અમલમાં આવે તો, અન્ય વ્યક્તિને મોકલવામાં આવતા રૂ. ૧૦,૦૦૦ થી વધુના વ્યવહારો તરત જ પૂર્ણ થશે નહીં. પૈસા મોકલનારના ખાતામાંથી તરત જ કાપી લેવામાં આવશે, પરંતુ પ્રાપ્તકર્તાના ખાતામાં જમા થતા પહેલા બેંક દ્વારા તેને એક કલાક સુધી રોકી રાખવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, મોકલનાર પાસે વ્યવહાર રદ કરવાનો વિકલ્પ હશે. આ વિલંબ મુખ્યત્વે વ્યક્તિ-થી-વ્યક્તિ ટ્રાન્સફર પર લાગુ થવાની અપેક્ષા છે. દુકાનમાં QR કોડ સ્કેન કરવા જેવા વેપારીઓને કરવામાં આવતા પેમેન્ટ્સ અપ્રભાવિત રહેવાની શક્યતા છે. પરિણામે, રોજિંદા ઉપયોગ માટે આ સિસ્ટમ પહેલાની જેમ જ ત્વરિત રહેશે, પરંતુ વ્યક્તિગત રીતે કરવામાં આવતા મોટા વ્યવહારોમાં તરત પેમેન્ટ થઈ શકશે નહીં. આ દરખાસ્તનું મૂળ ડિજિટલ પેમેન્ટ છેતરપિંડીમાં થયેલો તીવ્ર વધારો અને આ છેતરપિંડી જે રીતે કરવામાં આવે છે તેમાં રહેલું છે. મોટાભાગના કૌભાંડોમાં હેકર્સ બેંક સિસ્ટમ તોડતા નથી, પરંતુ તે વપરાશકર્તાઓને છેતરીને તેમની પાસે જ પૈસા ટ્રાન્સફર કરાવે છે. આને 'ઓથોરાઈઝ્ડ પુશ પેમેન્ટ' ફ્રોડ તરીકે ઓળખવામાં આવે છે. એક સામાન્ય કિસ્સામાં છેતરપિંડી કરનાર વ્યક્તિ બેંક અધિકારી, સરકારી પ્રતિનિધિ અથવા પીડિતના પરિચિત હોવાનો ઢોંગ કરે છે. આ કોલ ઉતાવળ ઊભી કરવા માટે કરવામાં આવે છે અને પીડિતને કહેવામાં આવે છે કે કોઈ સમસ્યા છે જેમાં તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે. દબાણ હેઠળ આવીને પીડિત પૈસા ટ્રાન્સફર કરી દે છે. જ્યાં સુધી તેમને ખ્યાલ આવે કે કંઈક ખોટું થયું છે, ત્યાં સુધીમાં પૈસા જઈ ચૂક્યા હોય છે. ઘણા વૃદ્ધ સ્ત્રી-પુરુષો સાથે આવા બનાવો વધુ બને છે તેથી વૃદ્ધો અને વિકલાંગો માટે તેમણે નિયુક્ત કરેલ વ્યક્તિની મંજૂરી પછી જ નાણા તબદીલ થઈ શકે તેવી વ્યવસ્થા કરવાની દરખાસ્ત છે. આ વ્યવસ્થા થોડી તકલીફવાળી બની શકે છે પરંતુ સલામતી માટે તે જરૂરી છે. તે જ રીતે દસ હજાર રૂપિયાથી વધુ રકમની ટ્રાન્સફરમાં એક કલાકનો વિલંબ થોડો કઠે તેવો છે પરંતુ લોકોની બેંક થાપણોની સુરક્ષા માટે તે જરૂરી છે. આ દરખાસ્તો માટે આરબીઆઈએ ૮ મે સુધીમાં લોકોના સૂચનો મંગાવ્યા છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ડ્રેસ કોડ

શુભ પ્રસંગોમાં એક ટ્રેઈન્ડ ચાલી રહ્યો છે. મહેંદી રસમ હોય ત્યારે ગ્રીનકલર, હલદીરસમ હોય ત્યારે યલો કલર, ગ્રહશાંતિ વખતે પીન્ક કલર અને રીસેપ્શન વખતે બલ્યુ કે રાની કલરના ડ્રેસકોડ જોવા મળે છે અને આ તો આનંદનો પ્રસંગ છે એટલે આ સ્વીકારી લઈએ પણ બેસણામાં પણ સરખી સાડી, સરખી બ્લાઉઝ પહેરીને બેઠા હોય એ કેટલું અસહ્ય લાગે છે. આ તો શોકનો પ્રસંગ કહેવાય તેમાં પણ જુવાન મોત થયું હોય કે બાળમરણ થયું હોય તો આવું કરવું યોગ્ય છે ખરું? લોકો આજકાલ ફેશનમાં એટલાં બધાં આંધળાં થઈ ગયાં છે કે મૃત્યુનો મલાજો પણ પાળવાનું ભૂલી ગયાં છે એમ લાગે છે.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## હોમિયોપેથી

હોમિયોપેથી એટલે મોર્ડન મેડિકલ સાયન્સ અને ટ્રેડિશનલ ટ્રીટમેન્ટ આજના આધુનિક યુગમાં એલોપેથિક તબીબી સારવાર ખર્ચાળ સાબિત થાય છે.ભારતમાં ખાસ કરીને તાપી જિલ્લા અને દાહોદ અને સૌરાષ્ટ્રમાં ખાસ કરીને આયુર્વેદિક અને હોમિયોપેથિક દવાનો ઉપયોગ વધારે થાય છે. કારણ એની આડ અસર નથી. હોમિયોપેથી સમરૂપ-ઔષધ ન્યુનતમ માત્રા ઓષધ પરીક્ષણના સિદ્ધાંત પર અને તમારી જીવનશૈલી અને હેબીટ અને તમારી પ્રકૃતિના સચોટ આધાર લીધા પછી આ દવા આપવામાં આવે છે. આ દવાનું અસરકારક પરિણામલક્ષી છે. પણ લાંબે ગાળે ફાયદો કરે છે અને જડમૂળથી રોગને કાઢી નાખે છે. વિશ્વ હોમિયોપેથી દિવસની શુભકામના અને હોમિયોપેથી આરોગ્ય સંભાળને પ્રોત્સાહન આપવા પ્રમોટર્સ તેમજ હોમિયોપેથીના વિવેચકો માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે.

**સુરત – તુષાર શાહ**

## છીછરી મર્દાનગી

તા. 6-04-2026 ના રોજ નેહાબહેન શાહના ચર્ચાપત્રના અનુસંધાનમાં ઝઘડાની ચરમસીમાએ અપશબ્દો બોલાય છે ત્યારે તે માતૃલક્ષી અને ભગિનીલક્ષી હોય છે. સમાજમાં એવાં બગડેલાં સંતાનો (કપૂતો) પણ હોય છે કે જે પોતાની જન્મદાત્રી કે જેણે કેટલીય શારીરિક તકલીફો વેઠીને આ દુનિયામાં અસ્તિત્વ આપ્યું, તેને પણ આવી અસભ્ય ગાળો બોલતાં શરમાતાં નથી. બહેન કે જેણે ભાઈના વિશે શુભ જ ઈચ્છ્યું હોય તેને પણ ગંદી ગાળો આપી અસભ્ય ભાષા બોલતાં ખંચકાતાં નથી. પોતાની જ પત્નીને ગાળો આપી આવા પુરુષો પોતાની મર્દાનગી બતાવે છે. વળી અસભ્ય ગાળો બોલી આવાં લોકો પોતાને બહુ પાવરફુલ માનતા હોય છે. પણ કુટુંબની જવાબદારી નિભાવવાની મર્દાનગી કે પાવર બતાવાતો નથી. આપણા સભ્ય સમાજે આવા કપૂતોને ઉઘાડા પાડીને સ્ત્રીઓનું સન્માન જળવાય એવા પ્રયત્નો કરવા જોઈએ.

**સુરત - ધારિણી પટેલ**

## માસિક ધર્મ અસ્પૃશ્ય નથી જ

કેરળના સબરીમાલા મંદિરમાં પારંપરિક રીતે 10થી 50 વર્ષની મહિલાને પ્રવેશ નિષેધ હતો. કારણ કે મહિનાના ત્રણ દિવસ મહિલા અસ્પૃશ્ય ગણાય અને ચોથે દિવસે એ અછૂતપણું અદ્રશ્ય થઈ જાય! વૈજ્ઞાનિક અભિગમની દૃષ્ટિએ માસિક એ માતૃત્વનું પ્રથમ સોપાન ગણી શકાય. જે મહિલા માતા બનવાને યોગ્ય હોય એ મહિલા દર અઠ્ઠાવીસ અથવા ત્રીસ દિવસે ગર્ભબીજ છૂટુ પડતાં માસિકમાં આવે જ એ કુદરતી નિયમ છે. પણ તેથી એ અછૂત નથી થઈ જતી. પ્રાચીન સમયમાં એ દિવસોમાં એને આરામની જરૂર હોય તો એને અલગ ઓરડામાં રાખવામાં આવતી અને ધાર્મિક પ્રક્રિયામાં અલગ રખાતી. પણ હવે વર્તમાન સમયમાં મહિલાઓ તમામ ક્ષેત્રે કાર્યરત હોવાથી માનસિકતામાં બદલાવ જરૂર આવ્યો છે. ઘણાં પરિવારો હજુ એ પરંપરા જાળવી રાખે છે. એ એમની અંગત માન્યતા છે અને એ દિવસો દરમિયાન તમામ મહિલાઓ સમજીને જ મંદિરે કે અન્ય ધાર્મિક સ્થાનોમાં જતી નથી. પણ સબરીમાલામાં દસ વર્ષથી 50 વર્ષની મહિલાને સંપૂર્ણ પ્રવેશ બંધ એ વાત અયોગ્ય! કદાચ 50 વર્ષ પછી મેનોપોઝ આવી જતો હોવાથી ત્યાં પ્રવેશ મહિલાઓ માટે કાયદેસર ગણાતો હશે એવું માની શકાય. માતૃત્વ પ્રત્યેક મહિલાનો ઈચ્છિત જન્મસિધ્ધ હક છે. જે માસિક ધર્મ દ્વારા જ પૂર્ણ થાય છે એમાં અછૂતપણાનો પ્રશ્ન જ નથી.

**સુરત - નેહા શાહ**

## હવે વૃદ્ધ થઈ ગયો આ માનસિકતા બદલો

ઘણી વ્યકિતઓ જુવાનીમાં વૃદ્ધ હોય તેવાં દેખાય છે! કારણકે તેમની માનસિકતા જુનવાણી થઈ જાય છે. તમારામાં જોમ જુસ્સો ધગશ કાયમ રાખો. મોટી ઉંમરે પણ પ્રવૃત્તિમય જીવન જીવો તો તમારામાં વૃદ્ધત્વ આવશે નહિ. મહોલ્લાથી ફ્લેટ કે સમાજથી પ્રવૃત્તિમાં તમારામાં જે આવડત છે તે સમાજને પાછાં આપો. તેનાથી નવી નવી વ્યકિતઓના સંપર્કમાં આવશો. તમારામાં નવી વિચારસરણી આવશે. ઉપરોકત અનુસંધાનમાં એક દાખલો આપું. મેઘાલયથી 77 વર્ષની કમોઈન વાહલાંગે સાબિત કર્યું કે ઉંમર માત્ર એક અંક છે! 70 વર્ષની ઉંમરે દોડવાનું શરૂ કર્યું હતું અને હવે 100થી વધુ રેસ અને મેરેથોન પૂર્ણ કરી છે. 12 સંતાનો અને 50 થી વધુ પૌત્રી પુત્રની દાદી છે. આજની તારીખે તેઓ અનેક યુવા દોડવીરોને પણ પાછળ છોડી દે છે. દૈનિક પેપરના આધારે હાલમાં 70 વર્ષની બહેનો સ્વીમીંગ તથા ફોરવ્હીલર ગાડી ચલાવે છે.

**સુરત - મહેશ આઈ. ડોક્ટર**

## રાઈટ ટુ ડીસકનેક્ટ

ફ્રાંસે શરૂઆત કરેલ આ કાયદાનો હવે દુનિયાના ઘણા દેશો અમલ કરવા લાગ્યા છે, તેમાં ખાસ કરીને પોર્ટુગલ, બેલ્જીયમ, સ્પેન, ઈટાલી, અને ઓસ્ટ્રેલિયા મુખ્ય છે. કામદાર અને કર્મચારીઓના માનસિક ત્રાસ અને હતાશામાં સરી પડવાના અનેક કિસ્સાઓ આ કાયદાને કારણે ઘટ્યા છે. કામદારો અને કર્મચારીઓની સૌથી ખરાબ પરિસ્થિતિ હોય તો આપણા દેશમાં ખાસ કરીને આઈ. ટી. અને જાહેર સાહસોમાં વધુ જોવા મળે છે. આમ તો વર્ક ફ્રોમ હોમ એટલે જાણે નિરાંત એવું ઘણાં માને છે, પણ વાસ્તવમાં એ નીતિ અત્યંત શોષક નીતિ છે અને વર્ક ફ્રોમ હોમ ન હોય તો પણ ઘણી બેન્કોમાં તથા અન્ય જાહેર સાહસોની કચેરીઓમાં અધિકારી વર્ગને તો જાણે ફાયર વિભાગના કર્મચારી હોય તે પ્રમાણે ગમે તે ટાઈમે બોસની સૂચના વોટ્સ એપ, ઈમેલ કે ફોન દ્વારા આવે અને તેઓએ તે સૂચનાનું પાલન કરવું જ પડે, દેશોએ કાયદો જ પસાર કર્યો છે કે કચેરીના સમય પછી કોઈ પણ કંપની કે જાહેર સાહસોના પદાધિકારીઓએ કોઈ પણ કર્મચારી કે અધિકારીને કોઈ પણ માધ્યમ દ્વારા સંપર્ક કરવો નહીં અને જે કોઈ આ કાયદાનું ઉલ્લંઘન કરે તે કંપની કે કચેરીને ચોક્કસ સજાની જોગવાઈ છે. હું માનું છું કે આપણી સરકારના માનવ સંસાધન ખાતાએ આ બાબતે ગંભીર વિચારણા કરવી જોઈએ અને કર્મચારી યુનિયનોએ પણ આ રજૂઆત ભારપૂર્વક કરવી જોઈએ.

**સુરત - રાજેન્દ્ર કર્ણિક**

## ગુજરાતની પ્રજાને કેમ લાભ નહીં?

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની શરણાઈ અને ઢોલ વાગી રહ્યા છે ત્યારે ફરી બંગાળમાં સત્તા મેળવવાના હેતુથી પ.બંગાળની પ્રજાને પ્રલોભન આપવાના ઉદ્દેશથી એવો સંકલ્પ પત્ર જાહેર કર્યો છે જે અનુસાર જો પ.બંગાળમાં ભાજપ સત્તા પર આવશે તો તમામ મહિલાઓ અને બેરોજગાર યુવાનોને પ્રતિ માસ રૂ. 3000 તેમના ખાતામાં જમા આપવામાં આવશે. અહીં સમજવા જેવી બાબત એ છે કે જે રાજ્યોમા સરળતાથી અને વિમા પ્રયત્નોએ સત્તા મળતી હોય તે રાજ્યોની જનતાનું મહત્વ શૂન્ય છે. કારણ કે ગુજરાતની પ્રજાએ ખુબ જ લાંબા સમયથી ભાજપને સત્તા પર બિરાજમાન રાખી છે પરંતુ પ્રજાને શું આવા સંકલ્પ પત્રની જાહેરાત કદી સાંભળવા મળી છે. હવે જનતાએ જાગૃત થઈને તમામ પક્ષોને તેમનું મહત્વ સમજાવવાનો સમય આવી ગયો છે.

**સુરત - રાજુ રાવલ**